હવે મોબાઈલ નંબરના આધારે ખરીદેલી વસ્તુઓ બદલાવી કે પરત કરી શકાશે..!!!

ખરીદેલી વસ્તુનું બીલ ગુમ થઈ જાય તો પણ ચિંતા મુક્ત થઈ જાવ માત્ર મોબાઈલ નંબર કહેશો ને તુરંત જ દુકાનદાર વસ્તુ બદલી આપશે અથવા પરત લઈ લેશે

ગાંધીનગર, તા. ૭

વર્તમાન ટેકનોલોજીના યુગમાં અનેક સમસ્યાઓ અને અઘરામાં અઘરા કાર્યોને કાળા માથાના માનવીએ પોતાની શક્તિનો ઉપયોગ કરી આંગળીના ટેરવે સાવ સરળ બનાવી દીધા છે. જે ટેકનોલોજીનું ઉત્તમ ઉદાહરણ

ગાંધીનગરમાં જોવા મળ્યું છે. આ ટેકનોલોજી ગ્રાહકો માટે ખુબ આશીર્વાદ છે.

ગ્રાહકોએ કોઈ પણ ચીજવસ્તુઓની ખરીદી કર્યા પછી ખરીદી કરેલ વસ્તુઓને પરત કરવા અથવા બદલાવવા માટે હવે કોઈ બીલની જરૂરીયાત નથી માત્ર એક મોબાઈલ નંબર તમારી તમામ મુશ્કેલીઓનું સમાધાન લાવી દેશે તેવી અતિ આધુનિક ટેકનોલોજી ગાંધીનગરના અગ્રણી વેપારી અને ટેકનોલોજીના હિમાયતી જયેશભાઈ જાટકીયાએ ગ્રાહકોને ધ્યાનમાં લઈ ગ્રાહકોના હિતમાં અમલી બનાવી છે.

વર્તમાન ટેકનોલોજીના યુગમાં અનેક પરીવર્તન ટેકનોલોજીના આધારે આવ્યા છે. ટેકનોલોજીએ દુનિયા સાવ નાની બની ગઈ.

ગાંધીનગર શહેરના અગ્રણી વેપારી અને હર હંમેશ ટેકનોલોજીના આગ્રહી જયેશભાઈ જાટકીયા વર્ષોથી ગાંધીનગમરાં અરિહંત નામની રેડિમેડ ગારમેન્ટની દુકાન ચલાવે છે. શહેરના સે. ૨૧ સ્થિત મુખ્ય શોપિંગ સેન્ટરમાં વર્ષોથી વ્યવસાય કરતા જયેશભાઈ ટેકનોલોજીનો ભરપુર ઉપયોગ કરી રહ્યા છે. નવી નવી ટેકનોલોજીથી કંઈક નવું વિચારનાર જયેશભાઈએ આ વખતે ગ્રાહકોના હિતમાં અને વેપાર ધંધારોજગારમાં સરળતા લાવવા ચીજવસ્તુઓની ખરીદીના બીલીંગમાં નવી ટેકનોલોજી અમલી બનાવી છે.

વર્ષ-૨૦૦૮માં અમદાવાદના એક સોફ્ટવેર ડેવલોપરને બીલીંગ સીસ્ટમમાં સરળતા લાવવા નવી બીલીંગ સીસ્ટમ વિકસાવવા પોતાનો વિચાર રજુ કરી એક નવુ જ સોફ્ટવેર બનાવડાવ્યું હતું પરંતુ શરૂઆતના સમયમાં અનેક નાની મોટી મુશ્કેલીઓ વચ્ચે આજે તેમનો આ વિચાર સફળ રહ્યો છે.

આ બીલીંગ ટેકનોલોજી ગ્રાહકો માટે ખુબજ ઉપયોગી છે. હવે ગ્રાહકોએ કપડાની ખરીદી કર્યા પછી માત્ર પોતાનો ફોન નંબર જ એક કેલ્ક્યુલેટર જેવા દેખાતા ડીવાઈસમાં નાખવાનો રહેશે. જે નંબર દુકાનમાં મુકેલ સ્ક્રીનમાં દેખાશે અને દુકાનદાર ફક્ત એક જ એન્ટર આપશે જેથી તારીખ, બીલ નંબર, ખરીદી કરેલ વસ્તુનો પ્રકાર, વસ્તુની સંખ્યા, કુલ રકમ, ખરીદીનો સમય, દુકાનનું નામ સરનામુ વગેરે જેવી તમામ માહિતી સમાવિષ્ટ એક બીલ તુરંત બહાર નિકળશે.

ગ્રાહકે ખરીદી કર્યા પછી કદાચ આ ચીજવસ્તુને બદલાવવા અથવા પરત કરવાની જરૂરીયાત ઉભી થાય તો હવે બીલ સાથે લાવવાની જરૂરીયાત નથી માત્ર ખરીદારે દુકાને આવી દુકાનદારને પોતાનો મોબાઈલ નંબર આપવાનો રહેશે. જે દુકાનદાર પોતાની બિલીંગ સીસ્ટમમાં નાખશે જેથી તુરંત જ ખરીદારની બધી જ વિગતો આપોઆપ સ્ક્રીન પર દેખાશે. ગ્રાહકોએ હવે ખરીદી ઉપરના બીલને સાચવી રાખવાની ઝંઝટમાંથી છુટકારો મળશે.

આ બીલીંગ સીસ્ટમ દરરોજ ઓટો અપડેટ થઈ જાય છે. અને સીસ્ટમમાં અસંખ્ય ખરીદદારોનો ડેટા સંગ્રહ કરી શકાય છે. આગામી સમયમાં આ સીસ્ટમ ગ્રાહકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

યુનાઈટેડ ચેરિટેબલ દ્વારા ખીચડી સેવાની સદી

ગાંધીનગરની યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ સંસ્થા દ્વારા સે. ૭માં દર ગુરૂવારે ગરીબ અસહાય અને વંચિતો માટે ખીચડી પ્રસાદ જમાડવાનું સેવાકાર્ય કરવામાં આવે છે. આ સેવાકાર્ય આ ગુરૂવારે ૧૦૦મી વખત પ્રસંશનીય રીતે સંપન્ન કરવામાં આવ્યું હતું. તેનું સંસ્થાના ઉપપ્રમુખ ડૉ. હાર્દિક તલાટીએ જણાવ્યું હતું.

નગરના લારી-ગલ્લાંઓને માઈક્રો શોપીંગ સેન્ટર સ્વરૂપે પ્રસ્થાપિત કરવા સૂચન

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત તા. ૧૩મી મે એ નગરના લારી ગલ્લાંની યોગ્ય વ્યવસ્થા કરવાની કામગીરીનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા નાના રોજગાર લક્ષી ગલ્લાવાળાઓ માટે માઈક્રો શોપીંગ સેન્ટરની વ્યવસ્થા ગોઠવવા ભલામણ કરવામાં આવી છે.

ગાંધીનગરમાં છેલ્લા ૨૦ વર્ષથી લારી ગલ્લાંનો પ્રશ્ન સળગતો રહ્યો છે. શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા અનેકવાર લોકઅદાલતમાં આ મુદ્દે લારી ગલ્લાની વૈજ્ઞાનિક ધોરણે દરેક સેકટરમાં માઈક્રો શોપીંગ સેન્ટર સ્વરૂપે ચોકકસ વ્યવસ્થા ગોઠવવા રજૂઆતો કરવામાં આવી છે. પરંતુ અગમ્ય કારણોસર વર્ષો વીતી જવા છતાં આ બાબતે કોઈ પગલાં લેવાયા નથી. બેરોજગારીથી ત્રાસેલા આ નાના રોજગાર વાળાઓને સરકારી તંત્ર તરફથી અવારનવાર ત્રાસ અને હાડમારી ભોગવવી પડે છે. ત્યારે તમામ સેકટરોમાં માઈક્રોશોપીંગ સ્વરૂપે પ્રસ્થાપિત કરાય તો સમસ્યાનો કલ્યાણકારી ઉકેલ મળી શકે.

માણસા તાલુકા સિનિયર સિટીઝન એસોસિએશનની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકા સિનિયર સિટીઝન્સ એસોસિશનની વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં માણસાના એમ.જી. ચૌધરી વિદ્યાસંકુલ ખાતે ૪૮ ગામ કડવા પટેલ સમાજના પ્રમુખ દશરથભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

આ સભામાં ગાંધીનગરના વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટના અમૃતભાઈ મોઢે સરકાર તરફથી સિનિયર સિટીજન્સને મળવાપાત્ર સહાય અંગે વિસ્તૃત માહિતી આપી હતી. સભામાં વિષયતજજ્ઞ તરીકે ઉપસ્થિત ગુજરાત રાજ્યના લાએઝન ઓફિસર તેમજ સિનિયર સિટીઝન ફેડરેશનના ઈનામયતઅલી સૈયદે વિધવાઓ, નિરાધાર વૃદ્ધો, અપંગ તથા અંધજનોને ભારત તથા રાજ્ય સરકાર તરફથી મળવાપાત્ર વિવિધ સહાય અંગે માહિતી પુરી પાડી હતી અને તે અંગેની માહિતી સભર પુસ્તિકાનું પણ વિતરણ કર્યુ હતુ. સભાના અધ્યક્ષ દશરથભાઈ પટેલે તમામ સભ્યોને વડોદરાની હોમિયોપેથી કોલેજમાં પધારવા નિમંત્રણ આપ્યુ હતુ અને સરભરા ખર્ચ ઉઠાવવાની તૈયારી દર્શાવી હતી.

સભામાં સંસ્થાના પ્રમુખ દિલીપસિંહ રાઓલ, મંત્રી જેઠાભાઈ પટેલ, ખજાનચી મહેન્દ્રભાઈ પંચાલ સહિત તમામ હોદ્દેદારો અને મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સભામાં સંસ્થાના વાર્ષિક હિસાબો તથા અહેવાલ પ્રસ્તુત કરાયા હતા. તેમજ વર્ષ દરમ્યાન કરવામાં આવેલ પ્રવૃત્તિઓનો ચિતાર પણ રજુ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ઉપસ્થિત સભાસદોનું શાલ ઓઢાડી સન્માન કરાયુ હતુ. તેમજ સમરકેપનું વિતરણ કરાયું હતું.

શનિવારે સેક્ટર-૨૪માં નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકાની આરોગ્ય શાખા અને સે. ૨૪ અર્બન હેલ્થ સેન્ટર દ્વારા તા. ૯મી મે શનિવારે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ સે. ૨૪ અર્બન હેલ્થ સેન્ટર ખાતે સવારે ૧૦ થી ૧ વાગ્યા દરમ્યાન યોજાશે. જેમાં ફિઝીશીયન, દાંત રોગના નિષ્ણાંત, ચામડીના રોગના નિષ્ણાંત તેમજ સ્ત્રી રોગ અને બાળરોગના નિષ્ણાંત તબીબો તેમની સેવાઓ આપશે. આ નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પનો લાભ લેવા ગાંધીનગરના નગરજનોને જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

સેક્ટર-૨ માં શનિવારે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના સે. ૨ અર્બન હેલ્થ સેન્ટર ખાતે તા. ૯મી મે શનિવારે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિદાન કેમ્પ સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમ્યાન યોજાશે.

સર્વરોગ નિદાન કેમ્પમાં ગાંધીનગરના નિષ્ણાંત તબીબો જેવા કે ફિઝીશ્યન ડૉ. દિનકર ગૌસ્વામી, ગાયનેક ડૉ. નિશાબેન ગૌસ્વામી, બાળરોગ નિષ્ણાંત ડૉ. વિપુલ ચૌહાણ અને ચામડીના રોગના નિષ્ણાંત ડૉ. નિતીષ શાહ તેમની સેવાઓ આપશે. આ કેમ્પનો લાભ લેવા ગાંધીનગરના નગરજનોને જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

ગોકુલપુરામાં શૌચાલય બનાવવા કરેલા ખાડામાં ગાય ખાબકી

ખાડામાં પડેલી ગાય તરફડીયા મારીને મોતને ભેટી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક ગોકુળપુરા ગામમાં શૌચાલયો બનાવવા માટે ઘણા ખાડા ખોદવામાં આવ્યા છ. આ

ખાડામાં રાત્રી દરમિયાન એક માલધારીની ગાય ખાબકી ગઈ હતી. સવારે આ ગાય ખાડામાં જ મૃત્યુ પામેલી હાલતમાં મળી આવી હતી. રાતે તરફડીયા મારીને ગાય મોતને ભેટી ચુકી હતી.

મળતી માહિતી મુજબ નિર્મળ ગામ અંતર્ગત ગોકુળપુરા ગામમાં ૨૫ જેટલા મકાનોની બહાર શૌચાલયો બનાવવા માટે ખાડા ખોદવામાં આવ્યા છે. જો કે અંદાજે એક મહિનાથી ખાડા ખોદ્યા બાદ કોઈ જ શૌચાલય બનાવવાના કામ માટે આવ્યું નથી. જેને કારણે આ ખાડાઓ જોખમરૂપી સાબિત થયા છે. દરમિયાન ગઈ કાલે રાત્રે નાગજીભાઈ દેસાઈની ગાય આ પૈકીના એક ખાડામાં પડી જતા ફસાઈ ગઈ હતી. રાત્રે ખાડામાં ખાબકેલી આ ગાય બહાર ન નિકળી શકતા તરફડીયા માર્યા બાદ મોતને ભેટી હતી. નોંધનીય બાબત છે કે આ ગામમાં બાળકોની સંખ્યા પણ વધુ છે. જો જોખમી ખાડા અંગે કોઈ વિચારણા લઈ યોગ્ય કામગીરી હાથ નહીં ધરાય તો જાનહાની થવાની પણ શકયતા છે. ગાયના મૃત્યુ બાદ ગાય માલિકનું પરિવાર શોકમગ્ન બની ગયું હતું.

રાજયમાં ગુજકેટની પરીક્ષામાં ૫૯૧૯૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા.૭

રાજયમાં મેડિકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ફરજીયાત એવી ગુજકેટની પરીક્ષા આજે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવી હતી. રાજયનાં ૩૫ પરીક્ષા કેન્દ્રો ઉપરથી લેવામાં આવેલ આ ગુજકેટની પરીક્ષામાં કુલ ૫૯૧૯૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર રાજયમાં ગુજકેટની પરીક્ષા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતા શિક્ષણ બોર્ડના અધીકારીઓએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. હવે ગુજકેટની પરીક્ષાનું પરીણામ આગામી ૨૫મી મેના રોજ વિજ્ઞાન પ્રવાહના પરીણામન સાથે જ જાહેર કરવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ આજે રાજયભરમાં કુલ ૩૫ પરીક્ષા કેન્દ્રો ઉપર શાંતિપૂર્ણ વાતાવરણમાં ગુજકેટની પરીક્ષા લેવામાં આવી હતી. ગુજકેટનું પેપર એકદંરે સરળ રહેતા વિદ્યાર્થીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. જો કે ફીજીક્સ વિભાગમાં કેટલાક પ્રશ્નોમાં વિદ્યાર્થીઓ ગુંચવાયા હતા. જો કે એકંદરે પેપર સરળ રહ્યું હોવાનો મત વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ વ્યકત કર્યો હતો. આજની પરીક્ષામાં નોંધાયેલ ૫૯૮૨૮ વિદ્યાર્થીઓપૈકી ૫૯૧૯૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ૬૩૮ વિદ્યાર્થીઓ ઘેરહાજર રહ્યા હતા. અમદાવાદ શહેરમાં ૪૧૪૧ અમે ગ્રામ્યમાં ૧૮૮૭ વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષા આપી હતી. જો કે રાજયમાં પરીક્ષા દરમિયાન કોઈ ગેરરીતીનો કેસ નોંધાયો હોવાના સમાચાર કંટ્રોલ રૂમમાં નોંધાવ્યો નથી જેથી સમગ્ર પરીક્ષા સંપૂર્ણ રીતે શાંતિપૂર્મ વાતાવરણમાં સંપન્ન થતા તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. આ ગુજકેટની પરીક્ષાનું પરીણામ આગામી ૨૫મી મેનાં રોજ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરીણામની સાથે જ જાહેર કરવામાં આવશે ઉલ્લેખનીય છે કે મેડીકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના ૬૦ ટકા અને ગુજકેટની પરીક્ષાના ૪૦ ટકાના આધારે મેરીટ તૈયાર કરવામાં આવે છે. જેના કારણે મેડીકલ, સલગ્ન અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ગુજકેટ પરીક્ષા મહત્વપૂર્ણ છે.

ગાંધીનગર શહેરના વરિષ્ઠ નાગરિકોએ મહાનગરપાલિકાના નવનિયુક્ત મેયર શ્રીમતિ હંસાબેન મોદીની પૂષ્પગુચ્છથી અભિવાદન કર્યું હતું.

ધણપ પાસે બસની અડફેટે સાયકલચાલક વૃધ્ધનું મૃત્યુ

વૃધ્ધ મોડી સાંજે ખેતરથી સાયકલ લઈને ઘર તરફ જતાં હતાં ત્યારે બનેલી ઘટના : બસ ડ્રાઈવરની ધરપકડ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક સ્થિત ધણપ ગામની સીમ પાસે હાઈવે પર બેફામ જતી એસ.ટી. બસે એક સાયકલને અડફેટે લઈ લેતા સાયકલ ચાલક વૃધ્ધને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જો કે ઘાયલ વૃધ્ધનું સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયું હતું. ચિલોડા પોલીસે એસ.ટી. બસના ડ્રાઈવર સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી લીધી છે.

હિંમતનગર-ચિલોડા હાઈવે પર ગઈ મોડી સાંજે જીજે-૧૮-વાય ૪૯૫૪ નંબરની એસ.ટી. બસ બેફામ ગતિએ પસાર થઈ રહી હતી ત્યારે ગિયોડ નજીક ધણપ ગામના પાટીયા પાસે એક સાયકલને ટકકર મારી દીધી હતી. ખેતરથી સાયકલ લઈને ધણપ પોતાના ઘર તરફ ૬૫ વર્ષીય વૃધ્ધ બકાજી ગલાજી ઠાકોર

જઈ રહ્યા હતા તે દરમિયાન એસ.ટી.બસના ચાલકે તેમને ટકકર મારતાં ગંભીર ઈજાઓ થવા પામી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વૃધ્ધને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા જયાં સારવાર દરમિયાન બકાજીનું મૃત્યુ નિપજયું હતું. ચિલોડા પોલીસે એસ.ટી. બસના ડ્રાઈવર સામે મૃતકના દિકરા વિરાજીની ફરિયાદ લઈ ગુનો દાખલ કર્યો છે અને ડ્રાઈવર રાજેશ પંડયાની ધરપકડ કરી આગળની કાર્યવાહી આરંભી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૩
સૂર્યાસ્ત : ૭.૧૧

તાપમાન

મહત્તમ : ૪૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૩ ટકા ● સાંજે ૧૧ ટકા

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

સ્ક્રીન-૩ :

જય હો ડેમોકસી : ૯.૪૫
બેયાર : ૧૨.૦૦
ધરમ સંકટ મેં : ૩.૦૦
કાગઝ કે ફૂલ (હિન્દી) : ૫.૪૫
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

સ્ક્રીન-૪ :

જય હો ડેમોકસી : ૧૦.૪૫

સિટીપલ્સ

સ્ક્રીન-૧ :

ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૨.૧૫, ૭.૪૫

સ્ક્રીન-૨ :

ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :

એવેન્જર્સ ૨ (ઈંગ્લીશ) : ૭.૦૦
એવેન્જર્સ ૨ (હિન્દી) : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪ :

જોબકા : ૧૦.૦૦
સબકી બજેકી બેંડ : ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦
મિ.એક્સ : ૫.૧૫
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૭.૪૫
ધરમ સંકટ મેં : ૭.૦૦

સ્ક્રીન-૫ :

ગબ્બર ઈસ બેક : ૧૦.૦૦, ૫.૦૦

આપની આજ

મેષ : પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે. ઘરમાં મહેમાન આવશે.

વૃષભ : ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છએ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

મિથુન : વ્યાપાર સારો ચાલશે. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે.

કર્ક : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

સિંહ : અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે.

કન્યા : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યમાં સક્રિય ભાગીદારી રહેશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થવાની શકયતાઓ છે.

તુલા : ન્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

વૃશ્ચિક : ધૈર્યથી વ્યાપાર- વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

ધન : કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓ ઉકેલાશે. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે.

મકર : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

કુંભ : ઋણ મુક્ત થશો. મિત્રોનો સહયોગ કાર્યમાં મળશે. પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

મીન : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બનશે. પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા- પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે.

ચિરવિદાય

● સ્વ. ગીતાબેન હિરાભાઈ મકવાણા (ઉ.વ.૩૦) સેક્ટર-૧૩, છાપરાં, ગાંધીનગર